# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2024** **Midday : 2.30 to 2.40**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

ચૂંટણી અંગેના વિશેષ સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- લોકસભામાં 294 બેઠકો પર સરસાઇના આધાર- એનડીએ આગળ, જ્યારે ઇન્ડિયા જોડાણ 231 બેઠકોથી હરિફાઇમાં...
- રાજ્યમાં બનાસકાંઠા અને પાટણની બેઠકો પર રસાકસીનો જંગ..
- 25 પૈકી 23 બેઠકો પર ભાજપ બહુમતી સાથે આગળ...
- પાંચ બેઠકોની પેટાચૂંટણીમાં પણ ભાજપની વિજયકૂચ...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIP CANDIDATES VOTING

દેશભરમાં 18મી લોકસભાની ચૂંટણી માટેની 542 બેઠક માટે સવારથી મતગણતરી ચાલી રહી છે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, ભાજપ 238, કોંગ્રેસ 99, સમાજવાદી પાર્ટી 37 સહિતની રાજકીય પાર્ટી વિવિધ સરસાઈથી આગળ ચાલી રહી છે.

આજે સૌથી વધારે સૌની નજર રહી હોય તેવી બેઠકની વાત કરીએ તો, ઉત્તરપ્રદેશની વારાણસી બેઠક પર પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી એક લાખ 32 હજારથી વધુ મતથી, હિમાચલપ્રદેશની હમીરપુર બેઠકથી કેન્દ્રિય મંત્રી અનુરાગસિંહ ઠાકુર 1 લાખ 74 હજારથી વધુ મતથી, મધ્યપ્રદેશની ગુના બેઠકથી કેન્દ્રિય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા 4 લાખ 74 હજારથી વધુ મતથી, હિમાચલપ્રદેશની મંડી બેઠકથી ભાજપનાં ઉમેદવાર અને ફિલ્મ અભિનેત્રી કંગના રણૌત 72 હજારથી વધુ મતથી, ઉત્તરપ્રદેશની રાયબરેલી બેઠક પરથી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી 2 લાખ 55 હજારથી વધુ મતથી અને કેરળની વાયનાડ બેઠકથી 3 લાખ 24 હજારથી વધુ મતથી આગળ ચાલી રહ્યા છે.

# ELECTION BETHKO RASAKASI

લોકસભાની ગુજરાતની 25 બેઠકો પૈકી બે બેઠકો પર રસાકસી ચાલી રહી છે. જો કે પાટણની બેઠક પર કોંગ્રેસના ચંદનસિંહ ઠાકોર ઘણા રાઉન્ડ પર આગળ રહ્યા બાદ પાછળ છે. ભાજપના ભરતસિંહ ડાભી છ હજારથી વધુ મતથી આગળ છે. બનાસકાંઠાની બેઠક પર કાંટાની ટક્કર જોવા મળી છે. બંને ઉમેદવાર વચ્ચે સરસાઇ માટે ટકરાવ ચાલી રહ્યો છે. ભાજપના રેખાબેન ચૌધરી અને કોંગ્રેસના ગેનીબેન ઠાકોર વચ્ચે હરીફાઇ છે.

આ સિવાયની તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો આગળ છે. ગાંધીનગરની બેઠકના ઉમેદવાર અને ગૃહમંત્રી અમીત શાહ 6 લાખથી વધુ મતે આગળ છે. તેમણે અગાઉ 2019ની પોતાની સરસાઇ ઉપર પણ વિક્રમ સર્જ્યો છે. તે જ રીતે અન્ય કેન્દ્રીય મંત્રીઓ પરસોત્તમ રૂપાલા, દેવુસિંહ ચૌહાણ અને મનસુખ માંડવીયા પણ સરસાઇ મેળવી રહ્યા છે. રાજકોટની બેઠક પર પરસોત્તમ રૂપાલા, કોંગ્રેસના પરેશ ધાનાણી કરતાં ચાર લાખથી વધુ મતથી આગળ છે.

# GUJ. ALLOVER

ગુજરાતની 25 લોકસભા બેઠકો માટે ચાલી રહેલી મતગણતરીમાં ભારતીય જનતા પાર્ટી 24 અને કોંગ્રેસનાં ઉમેદવાર એક બેઠક પર સરસાઈ ધરાવી રહ્યા છે. પાટણ બેઠક પર ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભી પાતળી સરસાઈથી આગળ ચાલી રહ્યા છે.

છેલ્લે મળેલા અહેવાલ પ્રમાણે બનાસકાંઠાની બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોર અને ભાજપના ડો. રેખાબેન ચૌધરી વચ્ચે રસાકસી ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે ભાજપ સુરત બેઠક અગાઉથી જ બિનહરીફ જીતી ચૂક્યું છે.

આ ઉપરાંત, પોરબંદર, વાઘોડિયા, માણાવદર, ખંભાત અને વિજાપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની ગણતરી ચાલી રહી છે, જે તમામમાં ભાજપનાં ઉમેદવારો સરસાઈ ધરાવી રહ્યા છે.

માણાવદર બેઠક પરથી અરવિંદ લાડાણી, પોરબંદર બેઠક પરથી અર્જુન મોઢવાડીયા, વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ખંભાતથી ચિરાગ પટેલ

અને વીજાપુરથી સી જે ચાવડા તેમનાં નજીકનાં હરીફથી આગળ ચાલી રહ્યા છે.

વધુ માહિતી આપતાં અમારી સાથે જોડાઇ રહ્યા છે અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ...

**(બાઇટ- અપર્ણા ખૂંટ)**

# BYTE STORY

રાજ્યના વિવિધ જિલ્લાના અમારા પ્રતિનિધિના અહેવાલ સાંભળી

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સરફરાઝ નગોરીને સાંભળીએ ..

## (બાઇટ સરફરાઝ નગોરી)

પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકીનો અહેવાલ

## (બાઇટ રમેશ સોલંકી)

કચ્છ જિલ્લાના પ્રતિનિધિ હેમાંગ પટણીનો અહેવાલ

**(બાઇટ - હેમાંગ પટણી)**

# GUJ. LOKSABHA BETHAKO

1. કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા બે લાખ કરતા વધુ મતોથી આગળ છે.

2. બનાસકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર અને ભાજપના ઉમેદવાર રેખાબેન ચૌધરી વચ્ચે ભારે રસાકસી ચાલી રહી છે.
3. પાટણ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભી બે હજાર કરતાં વધુ મતથી કોંગ્રેસના ચંદનજી ઠાકોર કરતા આગળ છે.
4. મહેસાણા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર હરિભાઇ પટેલ 3 લાખ 16 હજાર મતથી આગળ છે.
5. સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શોભનાબેન બારૈયા એક લાખ 45 હજાર કરતા વધુ મતથી આગળ છે.
6. ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ છ લાખથી વધુ મતથી આગળ છે.
7. અમદાવાદ-પૂર્વ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર હસમુખ પટેલ 3 લાખથી વધુ મતથી આગળ છે.
8. અમદાવાદ- પશ્ચિમ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર દિનેશ મકવાણા બે લાખ 84 હજાર વધુ મતથી આગળ છે.
9. સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ચંદુભાઇ શિહોરા 2 લાખ 42 હજાર વધુ મતથી આગળ છે.
10. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા 4 લાખથી વધુ મતથી આગળ છે.
11. પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા 3 લાખ 80 હજારથી વધુ મતથી આગળ છે.

12. જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ બે લાખ 26 હજારથી વધુ મતથી આગળ છે.

13. જૂનાગઢ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા એક લાખ 34 હજારથી વધુ મતથી આગળ છે.

14. અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરત સુતરિયા 3 લાખથી વધુ મતથી આગળ છે.

15. ભાવનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયા 3 લાખ 56 હજારથી વધુ મતથી આગળ છે.

16. આણંદ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મિતેશ પટેલ 85 હજારથી વધુ મતથી આગળ છે.

17. ખેડા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ 3 લાખ 39 હજારથી મતથી આગળ છે.

18. પંચમહાલ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ સાડા ચાર લાખથી વધુ મતથી આગળ છે.

19. દાહોદ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર જસવંતસિંહ ભાભોર 2 લાખ 74 હજારથી વધુ મતથી આગળ છે.

20. વડોદરા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષી 5 લાખ 63 હજારથી વધુ મતથી આગળ છે.

21. છોટા ઉદેપુર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર જશુભાઇ રાઠવા ત્રણ લાખ 93 હજારથી વધુ મતથી આગળ છે.

22. ભરૂચ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા એક લાખથી વધુ મતથી આગળ છે.

23. બારડોલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પ્રભુભાઇ વસાવા બે લાખથી વધુ મતથી આગળ છે.

24. નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ છ લાખથી વધુ મતથી આગળ છે.

25. વલસાડ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ધવલ પટેલ બે લાખથી વધુ મતથી આગળ છે.

જ્યારે સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા થયા હતા...

## GUJ. UT BETHAK

**1.** દમણ-દીવ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર લાલુભાઇ પટેલ પાછળ છે.

**2.** દાદરાનગર હવેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર કલાબેન ડેલકર 61 હજાર કરતા વધુ મતથી આગળ છે.

## VIDHANSABHA PETA CHUTNI

રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણીના પરિણામોના વલણો જોઇએ તો,

1. વિજાપુર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ડો. સી.જે. ચાવડા 55 હજાર 690 મતોથી આગળ છે..

2. પોરબંદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયા એક લાખ 16 હજાર 908 મતોથી <u>આગળ</u> છે..
3. માણાવદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણી 31 હજાર મતોથી <u>આગળ</u> છે..
4. ખંભાત વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ચિરાગ પટેલ 38 હજાર 272 મતોથી <u>આગળ</u> છે..
5. વાઘોડિયા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા 58 હજાર 516 મતોથી <u>આગળ</u> છે..

## Sensex

લોકસભાની ચૂંટણીનાં પરિણામોનાં પ્રારંભિક મિશ્ર વલણ બાદ શેરબજારમાં અસાધારણ કડાકો બોલાયો હતો. ભારે નફારૂપી વેચવાલીને પગલે સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં દિવસ દરમિયાન સાત ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

છેલ્લાં અહેવાલ પ્રમાણે બીએસઇ સેન્સેક્સ ચાર હજાર 129 આંક ઘટીને 72 હજાર 539 પર કારોબાર કરી રહ્યો છે જ્યારે એનએસઇ નિફ્ટી 1305 આંક ઘટીને 21 હજાર 958 પર ટ્રેડીંગ કરી રહ્યો છે.